**DATE: 27/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

# ઉત્રાજ ગામે જાહેરમાં પાનાપત્તાનો જુગાર રમતા છ ખેલી ઝડપાયા

હાંસોટ: હાંસોટ પોલીસ સ્ટેશન માંથી મળતી માહિતી અનુસાર હાંસોટ પોલીસ ઇન્સ્પેક્ટર કે. એમ. વાઘેલાની સૂચના મુજબ પોલીસ કોન્સ્ટેબલ ભુરભાઈ ને મળેલ બાતમી હકીકતનાં આધારે હાંસોટ પોલીસની ટીમે ઉત્રાજ ગામમાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટ નીચે રેડ પાડી હાર જીત નો પાના પત્તા નો જુગાર રમતા રૂા. દસ હજાર જેટલા મુદ્દા માલ સાથે છ જુગારીઓ (૧) વિનોદ મંગા રાઠોડ (૨) હીતેષ શંકર રાઠોડ (૩)મનીષ ચંદુ રાઠોડ (૪) ભોડા મગન રાઠોડ (૫) સુરેશ પાંચીયા રાઠોડ (૬) વિશાલપુનિયા રાઠોડ તમામ રહે ઉત્રાજને હાંસોટ પોલીસે, ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 27/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ગૌવંશ સહિતના કેસોમાં ઝડપાયાં હતાં

# અસામાજિક પ્રવૃત્તિમાં સંકળાયેલાં 4ને પાસા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અંકલેશ્વર પંથકમાં ગૌવંશ સહિતની અસામાજિક પ્રવૃત્તિઓમાં ઝડપાયેલાં 4 આરોપીઓ વિરૂદ્ધ પોલીસે પાસાની ફાઇલ તૈયાર કરી હતી. જે દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે મંજુર કરી ચારેયને પાસામાં ધકેલી દેવાનો હુકમ કર્યો હતો.

ભરૂચ જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલ દ્વારા જિલ્લામાં ગૌવંશ તેમજ અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકાયેલાં આરોપીઓનું ખાસ લિસ્ટ તૈયાર કરાવડાવામાં આવ્યું છે. તેમજ તે પૈકીના માથાભારે અને વારંવાર ગુનાઓ આચરનારાઓ સામે પાસા એક્ટ હેઠળ દરખાસ્તો તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તો જિલ્લા મેજિસ્ટ્રેટને સુપરત કરાઇ હતી. દરમિયાનમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચાર આરોપીને પાસામાં ધકેલવાનો હુકમ કર્યો હતો. જેના પગલે ભરૂચ પોલીસે ભરૂચના ભઠિયારવાડ વિસ્તારમાં રહેતાં ઇમરાન રહેમાન કુરેશીને ભુજની પલારા જેલ, ભઠિયારવાડ વિસ્તારમાં જ રહેતાં ગુલામમુસ્તુફા મોહમદ કુરેશીને જામનગર જિલ્લા જેલ, ભરૂચના મોફેસર જીન કંપાઉન્ડ પાસે રહેતાં સુનિલ રાજુ દેવિપુજકને જુનાગઢ જિલ્લાની જેલ તેમજ અંકલેશ્વર નવીનગરી વિસ્તારના ગણેશ ઉર્ફે ગની રાજુ વસાવાને મહેસાણા જિલ્લાની જેલમાં મોકલી અપાયાં હતાં.

**DATE: 27/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

પેલેડિયમ પાઉડર માટે ચોરી, LCBએ 2.32 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ભરૂચમાં 21 ઈકોના સાયલન્સર ચોરનાર પિતા-પુત્ર આખરે ઝબ્બે



## સગા ભાઈએ જ સાયલન્સર ચોરીની રાહ ચિંધી

## ચોરી કરવા જતી વેળાં કારને ડુપ્લિકેટ નંબર પ્લેટ લગાવતાં

## પેલેડિયમ પોલ્યુશનને ફિલ્ટર કરે છે

## ઈકોનું સાયલન્સર-સ્પેર વ્હિલ ચોરવું સરળ

# અંકલેશ્વરમાં રિક્શામાં હેરાફેરી કરતો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર ગામ ખાતે દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

રાજપીપળા ચોકડી નજીક રીક્ષામાં દારૂ લઈ સારંગપુર વિહારધામ ખાતે રહેતો દિલીપ પરમાર પસાર થઈ રહ્યો છે. જે આધારે પોલીસે રાજપીપળા ચોકડી નજીક વોચ ગોઠવી હતી. શંકાસ્પદ રીક્ષા આવતા પોલીસે અટકાવી કોર્ડન કરી લીધી હતી અને સર્ચ કરતા અંદરથી દારૂની નાની-મોટી 39 બોટલ મળી 6,900 રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે.દારૂ તેમજ રીક્ષા મળી 31 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી કોની પાસેથી દારૂ લાવ્યો હતો અને કોને આપવા જતો હતો તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

**DATE: 28/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચ જિલ્લામાં માત્ર ૫૫ દિવસમાં જ વ્યાજખોરો સામે ૨૮૨ અરજી મળી, ૧૮૯નો પોલીસે નિકાલ કર્યો

**અત્યાર** સુધી ૧૨ ગુના નોંધાયા, હજુ ૯૩ અરજી પેન્ડિંગ

ભરૂચ: વ્યાજખોરોના વિષચક્ર સામે પોલીસ ઝુંબેશને અદભૂત પ્રતિસાદ મળ્યો છે. હમણા સુધી જિલ્લાભરમાં પોલીસને ૨૮૨ જેટલી અરજી મળી છે. જે પૈકીની ૧૮૯ અરજીનો નિકાલ કર્યો છે, જેમાં ૧૨ ગુના પણ નોંધવામાં આવ્યા છે. જ્યારે હજુ ૯૩ અરજી પેન્ડિંગ છે.

રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરીને ડામવા માટે ખાસ પહેલ શરૂ કરવામાં આવી છે. ત્યારે ભરૂચ જિલ્લામાં ૫૩ જેટલા લોકદરબાર યોજવામાં આવ્યા છે, જેમાં લોકો વ્યાજખોરીની ચુંગાલમાં ફસાયા હોય તો પોલીસ ફરિયાદ કરવા માટે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો છે. જેનાથી પ્રેરિત થઈ જિલ્લાભરમાં અત્યાર સુધી વિવિધ પોલીસમથકોમાં વ્યાજખોરીને લગતી કુલ ૨૮૨ જેટલી અરજી આવી છે. જે પૈકી ૧૮૯ અરજીનો નિકાલ થઈ ગયો છે, જેમાં પણ અત્યાર સુધી કુલ ૧૨ ગુના નોંધાયા છે. પોલીસે ફરિયાદના આધારે કુલ ૧૩ આરોપીને ઝડપી પાડ્યા છે. ત્યારે તે પૈકીના ૧૧ આરોપી હજી સબજેલમાં કેદ છે. પોલીસની ટીમો દ્વારા હજી પણ પેન્ડિંગ રહેલી ૯૩ અરજીનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, જેમાં તલસ્પર્શી તપાસી આગામી દિવસોમાં ફરિયાદ નોંધવામાં આવશે.

## લોન મેળામાં ૭૬ લાભાર્થીને રૂ.૧.૫૧ કરોડથી વધુની લોન અપાઈ

ગરીબ-મધ્યમ વર્ગના લારી-ગલ્લા ચલાવતા ધંધાદારીઓ સહિતના લોકો માલ-સામાન ખરીદી સહિતની જરૂરિયાતને લઇ વ્યાજખોરીના ચુંગાલમાં ભારે ફસાઈ જતા હોય છે. જે માટે પોલીસે જિલ્લામાં અલગ અલગ ૧૬ સ્થળે લોન મેળાનું આયોજન પણ કર્યું હતું, જેમાં ૭૬ જરૂરિયાતમંદોએ રૂ.૧.૫૧ કરોડથી વધુની લોન અપાવી છે.

**DATE: 28/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# તક્ષશિલા સ્કૂલના ગેટ પાસે બે બુટલેગર ઝડપાયા

ભરૂચ: ભરૂચ એલસીબી પોલીસમથકનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, નવા દીવા ગામના શામજી ફળિયામાં રહેતો બુટલેગર વિજય પ્રવીણ વસાવા અને તેનો મિત્ર અલગ અલગ મોપેડ ઉપર વિદેશી દારૂનો જથ્થો લઈ નવાબોર ભાઠા તક્ષશિલા સ્કૂલના ગેટ પાસે રોડ ઉપર ઊભા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે બંને મોપેડની ડીકીમાંથી વિદેશી દારૂની ૨૩ નંગ બોટલ કબજે કરી હતી અને ૩ હજારથી વધુનો દારૂ તેમજ બે બાઈક મળી કુલ ૫૩ હજારથી વધુના મુદ્દામાલ જપ્ત કરી નવા દીવા ગામના શામજી ફળિયામાં રહેતા બુટલેગર વિજય વસાવા અને રાજેશ વસાવાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 28/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી જુગારીયા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની નવીનગરી વિસ્તારમાં સરગમ કોમ્પ્લેક્ષતરફ ના માર્ગ પર જુગારનો અડ્ડો ચાલતો હોવાની માહિતિ મળતાં પોલીસે દરોડો પાડયો હતો. પોલીસને જોઈ જુગારીયાઓમાં નાસભાગ મચી હતી.સ્થળ પરથી 7 જુગારિયાઓને ઝડપી લેવાયાં હતાં તેમની પાસેથી કુલ 9 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ ખેલીઓ સામે જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. બીજી તરફ હાંસોટ પોલીસે પણ ઉતરાજ ગામમાં જુગાર રમી રહેલાં જુગારીયાઓને ઝડપી પાડયાં છે. બંને કેસમાં જુગારીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 28/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### કેનાલની બાજુમાં જાહેરમાં મહેફિલ જમાવી હતી

# ગજેરા ગામે જુગાર રમતાં આઠ ઝબ્બે, રોકડાં 25 હજાર જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકાના ગજેરા ગામે આવેલી કેનાલની બાજુમાં જાહેરમાં જામેલી જુગારની મહેફિલ પર વેડચ પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે 8 જણાને ઝડપી પાડી તેમની પાસેથી 25 હજાર રોકડાથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે વેડચ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વેડચ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગજેરા ગામની સીમમાં કેનાલની બાજુમાં ગોદાન તલાવડી વિસ્તારમાં એક વૃક્ષ નીચે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે તેમણે સ્થળ પર પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, ટીમે જુગાર રમતાં આઠેય જુગારી લવપણ ઉર્ફે લધો ચીમન ઠાકોર, યુનુસ ઉર્ફે બકો રસુલ બેલીમ, રાજુ કચરા માળી, કિરણ ઉર્ફે અલ્પેશ મગન ઠાકોર, મહેબુબ ભીખા મલેક, રાજેશ જગદિશ ઠાકોર, હિતેષ જગદિશ ઠાકોર તેમજ કમલેશ ઉર્ફે જોની ભયલાલ ગોવરધનને ઝડપી પાડ્યાં હતાં. ટીમે દાવ પર લાગેલાં અને અંગઝડતીમાંથી કુલ 25 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે વેડચ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એસપી લીના પાટિલના માર્ગદર્શન હેઠળ પોલીસ અસમાજિક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી છે. ખાસ કરીને જુગારીયાઓ પર તવાઈ બોલાવવામાં આવે છે જેના કારણે ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 01/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

## અંકલેશ્વરમાં સોશિયલ મીડિયા પર પ્રેમ સંબંધ બાંધી

# યુવતીના બીભત્સ વીડિયો મંગાવી બ્લેકમેલ કરતો યુવક ઝડપાયો

### રૂા. ૧.૧૫ લાખ ખંખેરી લેનાર યુવક સુરેન્દ્રનગરથી પકડાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં યુવકે સોશિયલ મીડિયા થકી યુવતી સાથે મિત્રતા કેળવી પ્રેમ સંબંધ બાંધી લગ્નની લાલચ આપી નિર્વસ્ત્ર ફોટા અને વીડિયો મંગાવી વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરનાર યુવક ને શહેર બી ડીવીઝન પોલીસે સુરેન્દ્રનગરથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે .

અંકલેશ્વરની એક યુવતી ઉપર બિજરાજસિંહ રાણા નામના યુવકે સોશિયલ મીડિયા થકી ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી. જે ફ્રેન્ડ રિકવેસ્ટ યુવતી એ એક્સેપ્ટ કર્યા બાદ બંને વચ્ચે મેસેન્જર દ્વારા વાતચીત શરૂ થઈ હતી. જોકે એક માસની મિત્રતા બાદ યુવકે તેને પ્રેમ સંબંધ બાંધવાનું જણાવ્યું હતું.જે બાદ યુવતી પાસે તેના વોટ્સએપ નંબર મેળવી બંને તેના થકી ચેટિંગ અને વિડિયો કોલથી વાતચીત કરતા હતાં. ત્યારબાદ બિજરાજસિંહ રાણાએ યુવતી સાથે લગ્ન કરવાની વાત મૂકી હતી. જેને યુવતી પણ હા પાડતા બંને વધુ નિકટ આવ્યા હતાં. ત્યારબાદ યુવકે યુવતીને વધુ વિશ્વાસમાં લઈને યુવતી પાસે ઓપન ફોટા માંગતા યુવતી તેની વાતોમાં આવીને ઓપન ફોટા અને વીડિયો યુવકને મોકલી આપ્યા હતાં. જે બાદ યુવકે યુવતીને ફોન કરીને રૂ.૮૦ હજારની માંગણી કરી હતી જો કે યુવતી એ તેની પાસે રૂપિયા નહિ હોવાનું કહેતા યુવકે તેને તેના ઓપન ફોટા અને વીડિયો તેની ફ્રેન્ડને મોકલી આપવાની ધમકી આપી બ્લેકમેલ કરવા લાગ્યો હતો. જેથી યુવતી એ ગભરાઈને મની ટ્રાન્સફર વાળા પાસેથી રૂપિયા ૮૦ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતાં. જોકે ત્યાર બાદ પણ યુવકે યુવતી પાસે ૩૫ હજાર રૂપિયાની માંગણી કરી હતી.જે રૂપિયા યુવતી એ આપવાની ના પાડતા બિજરાજસિંહ રાણાએ યુવતીની ફ્રેન્ડ અને તેની ભાભીને તેના ઓપન ફોટા અને વીડિયો મોકલી આપ્યા હતાં. જેથી યુવતીની ફ્રેન્ડ તેને ફોન કરીને જાણ કરતા તેણે તેની પાસેના સોનાની ચેઈન અને કડું સોનીને ત્યાં ગીરવે મૂકીને યુવકને ૩૫ હજાર રૂપિયા મોકલી આપ્યા હતાં. તેમ છતાં બિજરાજસિંહ રાણાએ યુવતી પાસે વધુ રૂપિયાની માંગણી કરતા યુવતી કંટાળી જઈને સમગ્ર વાત તેની માતાને કરતાં માતા અને તેના કાકાએ તેની હિંમત આપતા યુવતીએ અંકલેશ્વર બી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે લોકેશન મેળવી સુરેન્દ્રનગરના લખતર ના દરબાર ગઢ ડેરવાળા ગામ ખાતે રહેતા બ્લેકમેલ કરનાર બિજરાજસિંહ વનરાજ સિંહ રાણા ને તેના ઘરેથી જ ઝડપી પાડ્યો હતો.

**DATE: 02/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રાજસ્થાનના ક્લીનર સહિત 4 આરોપીની ધરપકડ કરવામાં આવી

# અંકલેશ્વરમાં ટ્રાવેલ્સની બસમાં દારૂની હેરાફેરી કરવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી-ડિવિઝન પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન ચામુંડા ટ્રાવેલ્સની લકઝરીમાં મહારાષ્ટ્રથી રાજસ્થાન દારૂ લઈ જવાતો હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસે નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ હવા મહેલ ખાતે વોચ ગોઠવી હતી દરમિયાન લકઝરી બસ આવીને ઉભી રહી હતી અને તેમાંથી એક ઈસમ ઉતરીને બસના પાછળના ભાગે ડિકીમાં મુકેલ થેલા ઉતારી રહયો હતો અને રીકશામાંથી 3 અન્ય લોકો થેલા રીકશામાં મુકી રહયાં હતાં. પોલીસે ચારેય લોકોને કોર્ડન કરી લીધાં હતાં.



થેલાઓની તપાસ કરવામાં આવતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી.પોલીસે બસના રાજસ્થાનના ક્લીનર પપિયારામ પકારામ પંચાલ તથાઅંકલેશ્વરના ચોર્યાસી ભાગોળ માં રહેતા તુષાર નરેશ ગુજ્જર ,રાહુલ પ્રકાશ ગુજ્જર અને આકાશ વસાવાની ધરપકડ કરી હતી અને પોલીસે રૂપિયા 25 હજાર ઉપરાંતનો દારૂનો જથ્થો અને રૂ. 45 હજારના 3 નંગ મોબાઈલ તેમજ રૂ 1.50 લાખની રીક્ષા મળી ને કુલ રૂ. 2.20 લાખનો મુદામાલ જપ્ત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે .

**DATE: 03/03/2023 CATEGORY: GREEN E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચમાં શંકાસ્પદ મેન્કોઝેબ કેમિકલ પાઉડર સાથે બે ઝડપાયા

ભરૂચ: ભરૂચ SOG અંકલેશ્વરના નોબલ માર્કેટ પાસે પેટ્રોલિંગમાં હતી તેમજ શંકાસ્પદ વાહનોનું ચેકિંગ કરી રહી હતી. દરમિયાન એક છોટા હાથી ટેમ્પો નં.(જીજે-16-AW-0992)ને રોકી ચેક કરતાં ટેમ્પોના પાછળના ભાગે ત્રણ નંગ પ્લાસ્ટિકની બેગમાં મેન્કોઝેબ કેમિકલ પાઉડર મળી આવ્યો હતો.પોલીસ દ્વારા આ મામલે માણેકભાઈ ભૂલારામ દેવાસી (ઉ.વ.૨૪) (રહે., ભડકોદ્રા-અંકલેશ્વર) તથા જમ્નારામ ઉર્ફે જગદીશ વકતાજી પુરોહિત(ઉ.વ.૩૫) (રહે.,શ્રીજી વિલા સોસાયટી, એપ્પલ પ્લાઝાની પાછળ, વાલિયા રોડ, મુ.ભડકોદ્રા, તા.અંકલેશ્વર) સાથે ૧૪૮ કિલોગ્રામ મેન્કોઝેબ કેમિકલ પાઉડર કિંમત રૂ.૪૪,૦૦૦, છોટા હાથી ટેમ્પો રૂ.૩,૦૦,૦૦૦ મળીને કુલ રૂ.૩,૪૪,૪૦૦ મત્તાના મુદ્દામાલ સાથે અટક કરી અંકલેશ્વર GIDC પોલીસને સોંપવામાં આવ્યા હતા.

**DATE: 03/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં ઓરેન્જ-સ્પાર્કલ સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

**મોબાઇલ-રોકડા** મળી 23 હજારથી વધુનો મુદ્દામાલ કબજે, એકની અટકાયત

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર GIDCમાં ગોલ્ડન સ્કવેરના બીજા માળેથી ઓરેન્જ/સ્પાર્કલ સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કરી એક ઈસમને ઝડપી લેવાયો હતો.

અંકલેશ્વરના GIDC વિસ્તારમાં ગોલ્ડન સ્કવેરના બીજા માળે ઓરેન્જ/સ્પાર્કલ સ્પાની આડમાં કુટણખાનું ચાલતું હોવાની બાતમી જી.આઈ.ડી.સી. પોલીસમથકના પી.આઈ. ઓ.કે.જાડેજાને મળતાં તેમણે ચાર




જેટલા પોલીસ જવાનોને રેડ માટે તૈયાર કર્યા હતા. જેમાં બાતમીવાળા સ્પા સેન્ટરમાં ડમી ગ્રાહકને રૂ.૨ હજાર આપી મોકલ્યો હતો અને તેને સ્પામાં રહેલ યુવતીઓ પૈકી કોઈ શરીર સંબંધ બાંધવાની તૈયારી બતાવે તો મિસકોલ કરવા સૂચના આપી હતી.

જે બાદ ડમી ગ્રાહકનો મિસકોલ આવતાં પોલીસે દરોડા પાડતાં કાઉન્ટર પરથી RCL કોલોની, મમ્મી-ડેડી શો રૂમ સામે, માનવ મંદિર રોડ ઉપર રહેતો સંચાલક મહેશ વિષ્ણુ ભીલારે (ઉં.વ.૪૨) મળી આવ્યો હતો. જ્યારે સ્પાના રૂમમાં તપાસ કરતાં તેમાંથી કઢંગી હાલતમાં ડમી ગ્રાહક સાથે યુવતી મળી આવી હતી. પોલીસે સેક્સ રેકેટનો પર્દાફાશ કરી સ્પાના સંચાલકની અટકાયત કરી ૨ મોબાઈલ કિ.રૂ.૧૫,૦૦૦, કાઉન્ટર પર રોકડા રૂ.૮૨૨૦ મળી કુલ રૂ.૨૩,૨૩૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 03/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચના મલેકવાડ વિસ્તારમાં પોલીસના દરોડાથી દોડધામ

# લોકોને ઘરે બોલાવી જુગાર રમાડનાર સહિત સાત ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના સોનેરી મહેલ આવેલાં એક કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે આવેલાં ફ્લેટમાં રહેતાં શખ્સે બહારથી લોકોને બોલાવી જુગારની મહેફીલ જમાવતાં પોલીસે દરોડો પાડી કુલ 7 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 38 હજાર મળી કુલ 52 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, સોનેરી મહેલ વિસ્તારમાં આવેલાં મલેકવાડમાં સિલ્વર સલુનની ઉપર ત્રીજા માળે જુગાર રમાય છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે ફ્લેટમાં જુગાર રમતાં મહમદ ઇદ્રીશ સૈયદ, શેખ મહમદ સેજાન ઉર્ફે જામુ, મહમદ ઇમરાન અબ્દુલ રસીદ, કલ્પેશ નટવર રાવલ, ઝાફર મહેમુદ અલી, યુનુસ અહેમદખાન પઠાણ તેમજ યુસુફ ખાન દિલાવરખાન પઠાણને ટીમે ઝડપી પાડ્યાં હતાં. ઝડપાયેલાં જુગારિયાઓ પાસેથી અંગઝડતીના તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી કુલ 38 હજાર રૂપિયા રોકડા તેમજ 14 હજારની મત્તાના બે મોબાઇલ મળી કુલ 52 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં માલુમ પડ્યુ હતું કે, ઝડપાયેલાં મહમદ ઇદ્રીશાની બહેનના નામે તે ફ્લેટ હતો મહમદ ઇદ્રીશ તેની બહેનના ફ્લેટનો ઉપયોગ જુગાર રમાડવા માટે કરે છે. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 03/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## 69 હજાર રૂપિયાનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

# ભડકોદ્રા ગામની સીમમાં જુગાર રમતાં 3 ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં દેશના વિવિધ રાજ્યોમાંથી કામદારો રોજગારી માટે આવી રહયાં છે ત્યારે દારૂ અને જુગારની અસામાજીક પ્રવૃતિમાં પણ વધારો થયો છે. ભડકોદ્રા ગામની સીમમાં જુગાર રમતાં 3 ખેલીઓને 69 હજાર રૂપિયાના મુદામાલ સાથે ઝડપી લેવાયાં છે.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બાતમીને આધારે ભડકોદ્રા ગામની સીમમાં કેનાલ પાસે જાહેરમાં જામેલી જુગારની મહેફિલ પર રેડ કરી હતી. જુગાર રમતા રાધેશ્યામ અર્જુન યાદવ ,જયસિંગ લાલચંદ પ્રસાદ તેમજ દેવીલાલ દેવસિંગ બલાયરને રંગેહાથ ઝડપી લીધા હતા.પોલીસે ત્રણ જુગારીયાઓની ધરપકડ સાથે રોકડા રૂપિયા 69 હજાર રૂપિયા તેમજ બે બાઈક કિંમત રૂપિયા 65,000 મળીને કુલ રૂપિયા 1.34 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 03/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# જે.બી.મોદી પાર્ક પાસે જુગાર રમતાં 5 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના શક્તિનાથ વિસ્તારમાં આવેલાં જે. બી. મોદી પાર્ક પાસે રાજીવ આવાસમાં વચ્ચેના ભાગે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, ટીમે જુગાર રમતાં ગ્યાનસિંહ પ્રતિમસિંગ ચીખલીગર, લખનસિંગ બલબીરસિગ બાવરી, જર્નલસિંગ તલવરસિંગ ટાંક, ચિત્તેસિંગ તલવારસિંગ ટાંક તેમજ સુંદરસિંગ બલબીરસિંગ ચિખલીગરને ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

**DATE: 04/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચ જિલ્લામાં સમાજ માટે ઘાતક ૧૨ અસામાજિક તત્વો સામે પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામ્યું

ભરૂચ: ભરૂચ જિલ્લા પોલીસે અત્યાર સુધી અસામાજિક તત્વો સામે સૌથી મોટી કાર્યવાહી કરી છે. દારૂ, જુગાર સહિતની અસામાજિક પ્રવૃતિમાં સંડોવાયેલા ૧૨ આરોપીને પાસા એક્ટ હેઠળ રાજ્યની અલગ અલગ જેલના હવાલે કર્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલે જિલ્લામાં પ્રોહિબિશનની અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આરોપીઓનું લિસ્ટ તૈયાર કરાવ્યું હતું. આવાં અસામાજિક ૧૨ તત્વો સામે PASA હેઠળ દરખાસ્તો તૈયાર કરાવી જિલ્લા મેજિસ્ટ્રેટને મંજૂરી માટે મોકલી હતી. જે મંજૂર થતાં LCB PI ઉત્સવ બારોટ દ્વારા પોલીસ સ્ટેશનોની અલગ અલગ ટીમો દ્વારા તમામ ૧૨ પાસા અટકાયતીને ઝડપી પાડી જેલમાં મોકલી દેવાયા છે. જેમાં પાલેજના રસિક વસાવા, દરિયાના જસ્ટિન વસાવા, સારંગપુરના મનીષ વસાવા, દહેગામના સતીષ પટેલ, જૂના કાસીયાના અલ્પેશ પટેલ, તુલસીધામના ઋષભ વસાવા, જૂના બોરભાઠાના ગંગા વસાવા, દહેગામના ભીખા વસાવા, અશ્વિન વસાવા, સજોદના પ્રેગ્નેશ પટેલ, તેજસ પટેલ અને હાંસોટના જાવીદ શેખને પાસામાં ધકેલ્યા છે. જો કે, અગાઉ ૫ લોકોને પાસાની સજા કરાઈ હતી.

**DATE: 04/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચ-અંકલેશ્વરમાં દેશી દારૂની ૩૦ ભઠ્ઠીનો સફાયો, ૪૧ બુટલેગર ઝડપાયા, ૧૧ વોન્ટેડ

## **રૂ.૪.૪૧** લાખથી વધુનો મુદ્દામાલ કબજે, ૬૮૧ લીટર દેશી દારૂ, ૨૭ હજાર લીટરથી વધુ વોશનો જથ્થો મળ્યો



ભરૂચ: ભરૂચ જિલ્લામાં હોળી-ધુળેટી પર્વે અસામાજિક પ્રવૃત્તિઓ અને દેશી દારૂની રેલમછેલ અટકાવવા જિલ્લા પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરાઈ હતી. અંકલેશ્વરના અમરતપુરા અને ભરૂચમાં ત્રણ સ્થળોએ ધમધમતી દેશી દારૂની ૩૦મીની ફેક્ટરીનો નાશ કરાયો હતો.

ભરૂચ જિલ્લામાં હોળી પર્વ પહેલા જ ભરૂચ અને અમરતપુરા ગામની સીમમાં ધમધમતી ૩૦થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ કરી ૪૧થી વધુ બુટલેગરને ઝડપી પાડી તપાસ હાથ ધરી છે. આગામી હોળી-ધુળેટી તહેવારોમાં દારૂની હેરાફેરીની પ્રવૃત્તિ અટકાવવા ભરૂચ SP ડો.લીના પાટીલ દ્વારા પ્રોહિબિશનની સ્પેશિયલ ડ્રાઈવની સૂચના આપવામાં આવી હતી. જેના આધારે ભરૂચ ટાઉન અને અંકલેશ્વરના અમરતપરા સહિત અમરાવતી ખાડીના કિનારે ધમધમતી દેશી દારૂની મીની ફેક્ટરીઓ સમાન ભઠ્ઠીઓ ઉપર પોલીસની અગલ અલગ ટીમોએ દરોડા પાડ્યા હતા. દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર જેસીબી મશીન ફેરવી તોડી પાડવામાં આવી હતી અને ૬૮૧ લીટર દેશી દારૂ, ૨૭ હજારથી વધુ લીટર વોશનો જથ્થો તેમજ ૪ વાહન મળી કુલ રૂ.૪.૧૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો છે. દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમવતા ૪૧ બુટલેગરને ઝડપી લેવામાં આવ્યા છે. જ્યારે ૧૧ જેટલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ભરૂચ ખાતે ડી.વાય.એસ.પી. એમ.એમ.ગાંગુલીએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપી હતી.

**DATE: 04/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 2015ના રમખાણોમાં 3 યુવાનોના જીવ ગયાં હતાં

# હાંસોટમાં કોમી રમખાણના આરોપી પાસા હેઠળ જેલમાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

2015 માં થયેલ કોમી રમખાણના આરોપીને હાંસોટ પોલીસે પાસા હેઠળ સાબરમતી જેલમાં ધકેલી દીધો છે.

હાંસોટમાં 2015 માં થયેલા કોમી રમખાણોનો આરોપી જાવીદ ઉર્ફે આવા હુસેન ઘડિયાળને હાંસોટ પોલીસે ધરપકડ કરી પાસા હેઠળ અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી આપ્યો છે. જિલ્લા માં માથાભારે ઈસમો અને પ્રોહિબિશનના ગુના ના માથાભારે આરોપીઓ સામે જિલ્લા પોલીસ દ્વારા પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે. આરોપી જાવીદ ઉર્ફે આવા હુસેન ઘડિયાળ ને જિલ્લા કલેકટરે પાસા હેઠળનો હુકમ કરતા હાંસોટ પોલીસે ધરપકડ કરી અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી અપાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે 2015 માં કોમી રમખાણો માં બે હિન્દુ અને એક મુસ્લિમ યુવાનોના મોત થયાં હતાં. હાંસોટમાં થયેલાં રમખાણોએ રાજ્યભરમાં ચકચાર મચાવી હતી. ગેરકાયદે ઝિંગા તળાવોના કારણે હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં.

**DATE: 04/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ચિત્રવાળા બેનર પર જુગાર રમતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ભોલાવ ગામે ભૃગુઋષી બ્રીજ નીચે કેટલાંક શખ્સોએ ગાય, પોપટ, છત્રીના ચિત્રવાળું બેનર રાખી તેના પર રૂપિયાનો જુગાર રમતાં હોવાની બાતમી ભરૂચ સી ડિવિઝન પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

**DATE: 04/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સાસુ દ્વારા સંતાન વહેલું થાય તે માટે આયુર્વેદિક ઉકાળા-દવાનું સેવન કરવા દબાણ

# લગ્નના એક વર્ષમાં જ સંતાન નહિ થતાં પરિણીતા પર સાસુનો અમાનુષી ત્રાસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક ગામમાં લગ્નના એક વર્ષમાં જ સંતાન પ્રાપ્તી માટે સાસુ દ્વારા પુત્રવધુ પણ દબાણ આપવાનું શરૂ કર્યું હતું. પુત્રવધુને ગર્ભ નહીં રહેતાં તેને બળજબરીપુર્વક અલગ અલગ આયુર્વેદિક દવાઓ પિવડાવી સાસુ દ્વારા શારીરિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. જેના પગલે કંટાળ ગયેલી પુત્રવધુએ 181 મહિલા હેલ્પલાઈન પર અભયમની ટીમનો સંપર્ક કરી મદદની ગુહાર લગાવી હતી. ભરૂચના એક ગામમાં પરણાવેલી એક યુવતિને લગ્નનો માત્ર એક જ વર્ષનો સમયગાળો થયો છે. જોકે, તેમને હજી સંતાનસુખ મળ્યું નથી. જેથી તેમના સાસુ દ્વારા વહેલાં સંતાનને જન્મ આપવા માટે ટોણાં મારવામાં આવી રહ્યાં હતાં. હજી નવું જ દાંપત્ય જીવન હોવા છતાં તેની સાસુ છેલ્લાં કેટલાંક સમયથી તેને સંતાન રહી જાય તે માટે વિવિધ પ્રકારના આયુર્વેદિક ઉકાળા - દવાઓ પિવડાવતી હતી. સાસુની ઈચ્છાઓનું માન રાખી પહેલાં પરીણિતાએ તેમની તમામ વાતો માની હતી. જોકે, બાદમાં સાસુ દ્વારા તેને બળજબરીથી અલગ અલગ આયુર્વેદિક ઔષધીઓ લેવા માટે દબાણ કરતી હતી. ઉપરાંત જો તેને સંતાન પ્રાપ્તિ નહીં થાય તો તેને ઘરમાંથી કાઢી મુકવાની ધમકીઓ પણ આપતી હતી. બીજી તરફ પુત્રને ઉશ્કેરણી કરી તેના થકી તેને મારઝૂડ પણ કરાવતી હતી. સાસુના ત્રાસથી તેણે કંટાળી જઈ આખરે 181 મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી પોતાની આપવિતી સંભળાવી તેમની પાસે મદદમાંગી હતી. જેના પગલે અભયમની ટીમે સ્થળ પર પહોંચી તેમની સાસુની સમજાવટ કરી હતી. ટીમે તેમને સામાજિક અને કાયદાકિય રીતે તેમનું કૃત્ય અપરાધિક હોવાની સમજણ આપી હતી. તેમજ સંતાન પ્રાપ્તિ માટે ઉતાવળ ન કરવા તેમજ પુત્રવધુને પોતાની દિકરીની જેમ રાખવા સમજણ આપી પુત્ર અને પુત્રવધુ બન્નેના મેડિકલ રિપોર્ટ કરાવી તેના આધારે અત્યંત જરૂરી હોય તો તેના આધારે દવા કરવા માટે સલાહ સુચન આપ્યાં હતાં.આખરે સાસુએ પરિણિતાની માફી માગી લીધી હતી.

**DATE: 05/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# હાંસોટમાં લિફ્ટ માંગી લેબર કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.૫.૫૪ લાખની લૂંટના કેસમાં ત્રણ ઝડપાયા

**કારની** ડીકીમાં રૂ.૩ લાખ ભરેલી બેગ મુદ્દે ફરિયાદી જ હાલ શંકાના દાયરામાં



ભરૂચ, હાંસોટ: હાંસોટ માર્ગ ઉપર ઓલપાડના લેબર કોન્ટ્રાક્ટર પાસે લિફ્ટ માંગી બંધક બનાવી ચલાવાયેલી લૂંટમાં LCB અને હાંસોટ પોલીસે 3 લુંટારુને કાર સાથે ઉઠાવી લીધા છે.

હાંસોટના ઓભા અને પાંજરોલી ગામ વચ્ચે પાંચ દિવસ પહેલાં સાંજના સુમારે ઓલપાડના મોર ગામે રહેતા અશોક મનસુખ બામણિયા કાર લઈ ગંધાર જતા હતા. લેબર કોન્ટ્રાક્ટરને બાઇક ઉપર આવેલા 3 શખ્સે રોકી લિફ્ટ માંગી હતી. બાદ બંધક બનાવી કાર, એટીએમ કાર્ડ, મોબાઇલ અને રોકડની લૂંટ ચલાવી ચાલકને રસ્તા ઉપર ફેંકી ફરાર થઇ ગયા હતા. રૂ.૫.૫૪ લાખની લૂંટની આ ઘટનાની તપાસ માટે ભરૂચ LCB સહિતની ટીમ કામે લાગી હતી. હાઇવેની હોટલો, ઢાબા સહિતના વિસ્તારોમાં સ્થળ તપાસ, CCTV ચેકિંગ, હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે ટીમો 4 દિવસથી લૂંટનો ગુનો ડિટેક્ટ કરવા તપાસમાં હતી. દરમિયાન લૂંટમાં ગયેલી સફેદ રંગની વેન્ટો કાર સુરતના અમરોલીમાં હોવાની બાતમી મળી હતી. આ કાર સાથે ત્રણ આરોપીને પકડી લેવાયા હતા. પોલીસે કાર, રોકડા રૂ.૬૮૦૦, એરગન, ૪ મોબાઇલ મળી રૂ.૩.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

હાલ અમરોલીમાં રહેતા આરોપીઓ ઋષિ રઘુ કળોતરા, ભરત ભનુ ઉર્ફે રાજુ મારુ અને યોગેશ ઉર્ફે યોગી મનસુખ હેલૈયા લૂંટ પહેલાં જે-તે માર્ગ અને ભૌગોલિક વિસ્તારથી અવગત થતા હતા. એ બાદ બાઇક ઉપર ત્રણ સવારી નીકળી એકલદોકલ જતાં વાહનોને નિશાન બનાવતાં લિફ્ટના બહાને વાહન ઊભું રાખી એરગન બતાવી બંધક બનાવી લૂંટીને ફરાર થઇ જતા હતા.

જો કે, આરોપીઓ અત્યાર સુધીની પોલીસ પૂછપરછમાં કારની ડીકીમાં રોકડા 3 લાખ ભરેલી VIPની કોઇ બેગ નહીં હોવાની જ કેફિયત વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે સુટકેશમાં રોકડા 3 લાખને લઈ ફરિયાદી લેબર કોન્ટ્રાક્ટર પણ હાલ શંકાના ઘેરામાં આવ્યો છે. આ અંગે પોલીસે ઉલટતપાસ સાથે ઝડપાયેલા 3 લુંટારુનાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

**DATE: 05/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરના સંજાલીમાં બોગસ ડોક્ટર ઝડપાયો, 7 હજારનો મુદ્દામાલ કબજે

**મેડિકલ** પ્રેક્ટિસની ડિગ્રી વગર દવાખાનું ચલાવતા પારિતોષ બિશ્વાસની ધરપકડ



અંકલેશ્વર: ભરૂચ જિલ્લામાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે. ભૂતકાળમાં પણ અનેક બોગસ ડોક્ટર ઝડપાઈ ચૂક્યા છે, તેવામાં વધુ એક બોગસ ડોક્ટરને પોલીસે ઝડપી પાડી જેલના સળિયા ગણતો કર્યો છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલ તથા ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની કોઈ માન્યતા પ્રાપ્ત મેડિકલ પ્રેક્ટિસની ડિગ્રી વગર દવાખાનું ચલાવતા પરપ્રાંતિય ઈસમને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી લેવાયો હતો.

ભરૂચ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ભરૂચના અંકલેશ્વર પાસેના સંજાલીમાં ભાડાની દુકાનમાં રૂપા ક્લિનિક નામથી ડિગ્રી વગર ચાલતા દવાખાનામાં દરોડા પાડ્યા હતા. આ દરોડામાં મૂળ વેસ્ટ બંગાળ અને હાલ અંકલેશ્વરના સંજાલી ખાતે રહેતા બોગસ તબીબ પારિતોષ મનોનજોય બિશ્વાસની ધરપકડ કરી તેની પાસેથી મેડિકલ પ્રેક્ટિસનાં સાધનો તેમજ દવાનો જથ્થો મળી કુલ 7 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

**DATE: 05/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# કોંઢ ગામે જુગાર રમતાં 3 ઝબ્બે

ભરૂચ | વાલિયા તાલુકામાં આવેલાં કોંઢ ગામે રહેતાં કૌશિક વસાવાના ઘરની પાછળ કેટલાંક શખ્સો જુગાર રમે છે. તેવી માહિતી મળતાં વાલિયા પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં મુકેશ બકુલ વસાવા, સંજય ધીરજ પરમાર, નરેશ દામજી વસાવા નામના ત્રણ જુગારિયાઓ ઝડપાઈ ગયાં હતાં. જ્યારે જ્યંતી ધીરુ વસાવા નામનો એક શખ્સ ત્યાંથી ભાગી ગયો હતો. બનાવને પગલે વાલિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મક્તમપુર-ઝાડેશ્વરમાં પોલીસે દરોડાં પાડતાં ખેલીઓમાં દોડધામ

# ભરૂચમાં બે સ્થળે જુગાર રમતાં 8 ઝબ્બે, રોકડાં 24 હજાર જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં અલગ અલગ બે સ્થળે પોલીસે દરોડાં પાડી જુગાર રમતાં કુલ 8 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. તેમજ જુગારિયાઓ પાસેથી કુલ 24 હજાર રોકડા રૂપિયા સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચના સી ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, મક્તમપુર અને ઝાડેશ્વર ગામમાં અલગ અલગ બે સ્થળે જુગારની મહેફિલ જામી છે. જેના પગલે પોલીસની બે અલગ અલગ ટીમોએ બન્ને સ્થળે દરોડાં પાડ્યાં હતાં. જેમાં ઝાડેશ્વર ગામે નિઝામવાડી ખાતે ખુલ્લા મેદાનમાં જુગાર રમતાં પ્રતાપસિંગ રામપાલ નિશાદ, કલ્લુ રામપ્રસાદ નિશાદ, રંગીલાલ મુલ્લુ નિશાદ તેમજ સુરેન્દ્ર રાજસજીવન નિશાદને ઝડપી પાડી તેમની પાસેથી તેમની પાસે અંગઝડતી અને દાવપર લાગેલાં મળી કુલ 12 હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી હતી. જ્યારે બીજી ટીમે મક્તમપુર ગામે પોસ્ટ ઓફિસ પાસે જાહેરમાં લાઇટના અજવાળે જુગાર રમતાં કિરણ ડાહ્યા પટેલ, અક્ષય બાબુ પટેલ, અમિત મોહન પટેલ તેમજ નૈનષ નટવર વસાવાને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી પણ અંગઝડતી અને દાવપર લાગેલાં મળી કુલ 12 હજારની રોકડ રકમ સહિતનો જુગારનો સામાન જપ્ત કર્યો હતો.